# સ્વીકારથી ચમત્કાર

વાયન ડાયરના પુસ્તક
You will see it when you believe it નો ભાવાનુવાદ

## ડૉ. વિપુલ દેસાઇ



**સ્વીકારથી ચમત્કાર**
**પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)**

વાયન ડાયરના પુસ્તક - You will see it when you believe it નો
ભાવાનુવાદ : ડૉ. વિપુલ દેસાઈ

**પ્રકાશક :**
**પ્રા. કલ્પેશ જોષી**
મંત્રી, પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)
બી-૨૯, જી.સેટ ક્વાર્ટર્સ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
ફોન : (મો.) ૦૯૭૧૨૧૯૭૦૮૪

**પ્રથમ આવૃત્તિ :**
જૂન ૨૦૧૦

**પ્રત :**
૧૦૦૦

**કિંમત :**
રૂા. ૩૦/-

**લેઆઉટ અને ટાઈપસેટીંગ :**
**લજ્જા કોમ્યુનિકેશન્સ**
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
ફોન : ૦૨૬૯૨-૨૩૩૮૬૪

**મુદ્રક :**
**આણંદ પ્રેસ**
ગામડી, આણંદ-૩૮૮ ૦૦૧
ફોન : ૦૨૬૯૨-૨૫૩૯૩૩

# સ્વીકારથી ચમત્કાર

વાચન ડાયરના પુસ્તક

You will see it when you believe it નો ભાવાનુવાદ

## ડૉ. વિપુલ દેસાઈ

પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦.

## પ્રકાશકનું નિવેદન

૧૯૭૨માં શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થી ભાઈ-બહેનો વાંચતા-વિચારતા થાય. અભ્યાસક્રમ સિવાયનું અને સમયપત્રક બહારનું કેટલુંક વાંચે-સમજે અને તેને આધારે તેના સમગ્ર સ્વસ્થ વિકાસમાં મદદ મળી રહે એ હેતુથી 'વિચારવલોણું'ની શરૂઆત કરી હતી. જે મિત્રોને વિવિધ કારણસર આ બધાનો લાભ મેળવવા માટેનો પૂરતો સમય ફાજલ પાડી શકતા નથી તેઓ માટે એક વધુ સદુપયોગી પ્રવૃત્તિ ''પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)'' હાથ ધરીએ છીએ જેનું મુખ્ય કાર્યાલય હાલ વલ્લભ વિદ્યાનગરમાં રહેશે. દર મહિને એક પુસ્તક પરિચય-વર્ષના ૧૨ પુસ્તકોનો પરિચય કરાશે.

જે કોઈ વ્યક્તિગત કે નાના મોટા સમૂહમાં આ પ્રવૃત્તિનો લાભ મેળવવા ઈચ્છતા હોય તેમણે ફોન કે પત્ર દ્વારા પ્રા. કલ્પેશ જોષી (મંત્રી, પુસ્તક પ્રેમી પરિવાર - ગુજરાત) નો સંપર્ક કરવો. આ અંગે કોઈ સભ્ય ફી નથી. સ્વૈચ્છિક આર્થિક સહયોગ આવકાર્ય છે.

ઉપર્યુક્ત સંદર્ભે કેટલાક પુસ્તક-પત્રિકા હવે વાચનસામગ્રી પ્રસિદ્ધ કરવા વિચાર્યું છે તેના ભાગ રૂપે 'સ્વીકારથી ચમત્કાર' પુસ્તક પ્રસિદ્ધ થાય છે. આપણે સામાન્ય રીતે કહીએ છીએ કે, ''વાતોનો કોઈ અર્થ નથી. હું તો જોઉં તો માનું. 'Seeing is believing". લેખક કહે છે કે, 'If you believe, you will see it.' તમે માનશો તો જોઈ શકાશે. માનવું એટલે શ્રદ્ધા હોવી - ખાત્રી હોવી વ. ભગવાન માટે તો કહેવાય જ છે ને શ્રદ્ધા રાખે તો દર્શન થશે. શ્રી વિપુલભાઈએ આ પુસ્તક 'પુસ્તક પરિચય' કાર્યક્રમ માટે સ્વીકાર્ય અને એની સફળતા જોઈ થોડુંક વધુ વિગતે લખાણ તૈયાર કર્યું જે 'વિચારવલોણું પરિવાર' પોતાની યોજનામાં પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરી શક્યા હતા. એ જ લખાણનું પુનઃમુદ્રણ ''પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)'' મારફત પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે અને આ માટે સીધી-આડકતરી મદદ કરનાર સૌ ભાઈ-બહેનો અભિનંદનને પાત્ર છે. હાલની એક વિચિત્ર પરિસ્થિતિમાં આ પુસ્તક કોઈકને સમગ્ર સ્વસ્થ જીવન ગોઠવવામાં મદદરૂપ થશે તો પ્રકાશન પાછળની સૌની મહેનત સાર્થક થશે.

તા. ૧૭-૬-૨૦૧૦
બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.

**સુરેશ પરીખ**
પ્રમુખ, પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)
૦૯૭૨૬૩૬૬૭૦૪

હું જ છું
જંગલ ઉપર ઝળહળતું
હિમશ્રુંગ - ને
દૂરના દેવળનો ઘંટારવ
જે તને પૂર્ણ સુખથી ભરી દે છે એ
દિવસની મધ્યે અચાનક
આવતો વિચાર તેય હું.

વર્ષો પહેલાં જેને કર્યો તો પ્રેમ
તે હું જ છું
તારી સાથે જ ચાલું
તને નિરખું
તારા હૃદયને ચૂમી લઉં છું
ને તને ખ્યાલ નથી.

હું તારો ત્રીજો હાથ
ને બીજો પડછાયો
સફેદ રંગનો
જે તને કદિ વિસરી ન શકે
ભલે ન હો તારા હૃદયમાં
સ્થાન એનું.

આપણે બધા આપણા અદૃશ્ય સ્વરૂપ સાથે જોડાયેલ છીએ. આપણા વિચાર એ એક જાદુઈ ચીજ છે. જેને કોઈ મર્યાદા નથી અને સીમા નથી. એ વિચારના અનંત વિશ્વમાં બધું જ શક્ય છે. એ જ તમને જાગૃત અવસ્થામાં લઈ જશે જે તમને અખૂટ ઊર્જાની અનુભૂતિ કરાવશે. તમારા અદૃશ્ય સ્વરૂપ-વિચારને પણ દૃશ્ય છે એમ માની લો અને પછી જુઓ આ વિચાર તમને ક્યાંથી ક્યાં લઈ જાય છે. આમ જ્યારે કરો ત્યારે આટલું જ યાદ રાખો.

# ભાવાનુવાદકનો પરિચય



## ડૉ. વિપુલ દેસાઈ

પ્રાથમિક શિક્ષણ વતન જુનાગઢમાં, પછી આલ્ફ્રેડ હાઈસ્કૂલ અને સાયન્સ કોલેજ ભાવનગર. M.Sc. (Nuclear Physics)નો અભ્યાસ સ્કૂલ ઓફ સાયન્સીઝ, અમદાવાદ. Ph.D. (Computer Science) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

IBM કંપની દ્વારા પસંદગી પામી નોકરીની શરૂઆત અતુલ પ્રોડક્ટસના કોમ્પ્યુટરથી, પછી IPCL અને પેટ્રોફિલ્સ લિમિટેડમાં ૧૫ વર્ષ, અને છેલ્લે હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની (HOEC)માં સીનીયર મેનેજમેન્ટના સ્તરે ૧૨ વર્ષ રહી 'હવે મને જે ગમે તે જ કરીશ' એ વિચારે વહેલી નિવૃત્તિ લીધી.

આ વર્ષો દરમ્યાન કોમ્પ્યુટરના સીનીયર પ્રોફેશનલ તરીકે નેશનલ-ઈન્ટરનેશનલ સ્તરે ૨૨ થી વધારે રિસર્ચ પેપર્સ અને ૫૦ થી વધારે સેમીનાર/કોન્ફરન્સમાં વક્તવ્ય આપેલ છે. દશ વર્ષથી વધારે સમય IIM, CSI પ્રોડક્ટિવિટી કાઉન્સિલ, મેનેજમેન્ટ એસોસીએશન, યુનિવર્સિટી સાથે Visiting Faculty તરીકે સંલગ્ન રહ્યા છે. છેલ્લા છ વર્ષથી ચારુતર વિદ્યામંડળ (CVM), વલ્લભવિદ્યાનગરને મેનેજમેન્ટ એડવાઈઝર તરીકે માનદ્‌સેવા આપે છે.

પણ નિજાનંદની પ્રવૃત્તિ સાવ જુદી-સંગીત, સાહિત્ય અને લેખન. આ પ્રવૃત્તિઓ માટે સમયનો જે અભાવ રહ્યો તે હવે પૂરો કરે છે. ''મૌન''નામનો કાવ્યસંગ્રહ બે વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલ છે. Restart નામે કાઉન્સેલીંગની પ્રવૃત્તિ દ્વારા કેટલાય લોકોએ માર્ગદર્શનનો લાભ મેળવ્યો છે.

(૧૯, માત્રીમંદિર સોસાયટી, ઈસ્કોન મંદિર સામે, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૫૩૦૨૬

# પુસ્તક પ્રેમી પરિવાર
## (ગુજરાત)

ગુજરાત મધ્યે આણંદ-વિદ્યાનગર સ્થિત પુસ્તક પ્રેમી પરિવાર એક અનૌપચારિક લવચિક તથા બિન નોંધાયેલું વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉદ્યોગપતિઓ અને નાગરિકો દ્વારા સાકાર થયેલું  એકમ છે. જેને સમયનો અભાવ છે, તે છતાં વાચવા-વિચારવા અને સ્વસ્થ જીવનશૈલી ગોઠવવા હંમેશા તત્પર રહે એવી વ્યક્તિની વાચન-વિચાર ટેવોને પોષવી-સક્રિય કરવી આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે. એ દૃષ્ટિએ કાર્યરત એકમ મહિનામાં એક પુસ્તકનો પરિચય કરાવવાનો કાર્યક્રમ આયોજિત કરે છે. આવું મૈત્રી સભર એકમ  રસ ધરાવતા આશરે ૨૫ જેટલા સભ્યોથી  સ્વતંત્રપણે કાર્યરત થઈ શકે અથવા પુસ્તક પ્રેમી પરિવારની પેટા શાખા તરીકે સાકાર થઈ શકે. અન્યથા એવા સંજોગોમાં કોઈ સમૂહને આ પ્રકારની પ્રવૃત્તિના આયોજન માટે આવશ્યક સઘળી મદદ કરવાની નેમ ધરાવે છે. આવું એકમ કોઈપણ સ્થળે અને સ્થાને કાર્યરત થઈ શકે. જેમ કે; શાળાઓ, મહાવિદ્યાલયો, અનુસ્નાતક કેન્દ્રો, રાષ્ટ્રીય સમૂહ આયોગ, યુવા કેન્દ્રો કે ઔદ્યોગિક એકમો વગેરે. વ્યક્તિગત અથવા સંસ્થાકીય આયોજન કરવા, વિશેષ માહિતી મેળવવા સંપર્ક સાધવા આવકાર છે...

Lajja : (02692) 233864